નાટકનાં ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રીઆર્ય નીતિદર્શક નાટક સમાજના માલેકો

આ નાટક બનાવનારે ઇ. સ. ૧૮૬૭ના ૨૫મા એક્ટ પ્રમાણે
માલેક પોતાને સ્વાધીન રાખ્યા છે માટે તેની રજા શિવાય
કોઈએ બીજાને છપાવવાનું સાહસ કરવું નહિ.

સુરત "દેશી મિત્ર" એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં
મગનલાલ ઠીકાભાઈએ છાપ્યાં.



ઇ० સ० ૧૯૧૨

મૂલ્ય રૂ० ૦-૨-૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૩૫૦૩ वर्गांक

पुस्तकनुं नाम સરસ્વતીચંદ્ર નાટકનાં ગાયનો

विषय ૬ : ૨-૧

માલેકો તરફનો ખુલાસો.

અમારી કંપનીની શરૂઆત સાથે અમે પહેલું કામ ઉપાડયું છે તે એક સાહસનું કામ છે એમ હમે માનીએ છીએ, એટલે ઉદાર જોનારા અને ક્ષમ્ય નજરથી જોનાર વિદ્વાનોની દયાની નજરની ભિક્ષા માગીનેજ હમે તેઓ સામે પહેલો દેખાવ દઇએ છીએ.

હમે કંપની કાઢવાનો વિચાર કરીએ છીએ એમ ખબર પડી ત્યારથીજ હમારા કેટલાક શુભેચ્છક મિત્રો હમને ભલામણ કરવા લાગ્યા કેઃ– જે પુસ્તક માટે ગુજરાતને અભિમાન છે, જે પુસ્તક ગુજરાતની સાહિત્યવાટિકાનું એક સર્વોત્તમ પુષ્પ છે તે " સરસ્વતીચંદ્ર" ઉપરથી નાટક લખાય તો વધારે સારૂં". હમારા મિત્રોની ભલામણ અને તેમાં પરમાત્માએ હમને જાણે મદદજ કરવા ધારી હોય તેમ જ્યારે હમે કવિને પછ્યું ત્યારે તેની પાસે પણ " સરસ્વતીચંદ્ર " નાટકનોજ એક અંક લખેલો તૈયાર હતો એટલે આનંદ અને સંકોચ બન્ને ભાવોમાં વિંટાતા છતાં હમે પ્રજાની દયાની નજર ઉપર વિશ્વાસ રાખી તેજ નાટકની શરૂઆત કરી.

જે પુસ્તક વાંચવા અને સમજવા માટે આજે ગુજરાતના વિદ્વાનો પણ કોઇકજ ભાગ્યે ફલીભૂત થાય છે અને મોટો વખત ગુમાવે છે. તે ગ્રંથ ઉપર હમે માત્ર નજર નાખી જવા શિવાય બીજું કાંઇ કરી શક્યા નથી. વળી નાટક અને નવલકથા એ બે જૂદા વિભાગો હોવા સાથે તે બન્નેમાં જે ફરક છે તેનો વિચાર કરતાં જેનાં સ્થળો એક પૂર્વ તો એક પશ્ચિમ એમ ફરતાં હોવાથી અને કોઇપણ પાત્ર સીધું બંધાઇ રહી શકે તેમ ન જણાવાથી, રત્નપૂરના બારવટીઆ બદલી હમે સુવર્ણપૂરના બારવટીઆ ઉભા કરી તે નવલકથામાં બનતું જ કાર્ય શઠરાય અને દુષ્ટરાયને હાથેજ કરાવ્યું છે, અને તે સાથે દુષ્ટપાત્રોની દુષ્ટતાનું કાળું ચિત્ર ઘેરૂં કાળુ બનાવવા માટે સુવર્ણપુરનો

એક વાણીઓ વેપારી અને તેની સ્ત્રીનાં નવાં પાત્રો ઉભાં કર્યા છે, આવી રીતે નાટકના અંગે જે કરવાની જરૂર છે તે ઉપર તો હમે હમારાથી બનતું ધ્યાન રાખ્યું છે અને લેખ માટે નાટકના એક જાણીતા અને સતી દ્રૌપદીના લેખથી પુણ પ્રસિદ્ધી પામેલા વિદ્વાન કવિ ઉપર વિશ્વાસ મૂકયો છે કે જે વિશ્વાસમાં તે ફલીભૂત થયા છે કે નહી, તે અમારા મોહડેથી વખાણ કરવાં નીરર્થક છે પણ તે નકી કરવાનું કામ પ્રેક્ષક વર્ગનું અને ખાસ કરી વિદ્વાન વર્ગનું છે.

હમે જયાં સૂધી બને ત્યાં સૂધી નામાંકિત અને સારાં પાત્રો એકઠાં કર્યા છે, પરંતુ જે નવક્ષમાં પૂર્વસંચિત ઉંચ્ચભાવના મેળવેલાં મહાનુભાવ પાત્રો રમે છે તે પાત્રોની પાત્રતા બતાવતાં તેમાં કંઈ ખામી જણાય તો કૃપાની ભીક્ષા છેવટે મહાકવિ કાલીદાસે કહેલઃ—

नरम्यं नारम्यं प्रकृति गुणारतो वस्तु किमपि
प्रियत्वं यत्रस्यात्तिदरपि तद ग्राहक वशात्
रथांगाव्हानानाम् भवति विधुरंगार शकटी
पटीराम्भः कुम्भः समवति चकोरीषयनयोः

આ શ્લોક પ્રમાણે જે આમાં થોડું પણ સારૂં અને પ્રિય હોય તે ગ્રહણ કરી હમને મિત્ર ભાવે સૂચના કરનારાઓનો હમે ઉપકાર માનીશું એમ જણાવી આજે પ્રજા સમક્ષ રજુ થવામાં જેણે અમને સામર્થવાન કર્યા છે તે દીનદયાળ પરમાત્માની કૃપા માની હમારો આ ખુલાસો બંધ કરવાની રજા લઇએ છીએ, અને ઉદાર પ્રજા જો અમને ઉદાર નજરથી જોઇ મદદ કરશે તો પ્રભૂ કૃપાથી તેઓની ઉદારતા મેળવવાને હમે પણ યોગ્ય છીએ એમ ધીમેધીમે સાબીત કરી બતાવીશું.

માલેકો
શ્રી આર્ય નીતિદર્શક નાટક સમાજ.

પુરૂષ પાત્રો,

સરસ્વતીચંદ્ર–મુંબઇના એક લક્ષાધિપતિનો પુત્ર.

ભુપસિંહ–સુવર્ણપુરીનો રાજા.

બુદ્ધિધન–સુવર્ણપુરીનો અમાત્ય.

પ્રમાદધન–તેનો પુત્ર, કુમુદનો પરણેલો પતિ.

શઠરાય–સુવર્ણપુરનો દુષ્ટ કારભારી.

દુષ્ટરાય–શઠરાયનો દુષ્ટ પુત્ર, સુવર્ણપુરનો ફોજદાર.

મેરૂલો
માધો } નીચ શેઠના નીચ નોકરો.
જમાલ

નરભેરામ–એક નીતિમાન મુત્સદી.

વિદ્યાચતુર–કુમુદનો પિતા.

લક્ષ્મીનંદન–સરસ્વતીચંદ્રનો પિતા.

વિષ્ણુદાસ–સુન્દરગારિના મહંત.

વાણીઓ–સુવર્ણપુરીનો એક વેપારી.

સીપાઇઓ, લુંટારાઓ, જોગી વિગેરે.

સ્ત્રી પાત્રો

કુમુદસુંદરી–રત્નપુરીના પ્રધાનની પુત્રી, સરસ્વતીચંદ્ર જોડે વેવિશાળ થએલું પણ બાપના ઠપકાથી તે ઘર છોડી જતાં પ્રમાદ જોડે પરણેલીપ્રેમની ત્રિશંકુ ગતી ભોગવતી હિંદુ સ્ત્રી

સૌભાગ્યદેવી-બુદ્ધિધનની સ્ત્રી કુમુદની સાસુ.

અલકકિશોરી-તેની પુત્રી કુમુદની નણંદ.

રૂપાળી-દુષ્ટરાયની સ્ત્રી.

ખલકનંદા-તેની નણંદ દુષ્ટરાયની બહેન

વનલીલા-કુમુદની શુદ્ધ બહેનપણી.

ગુણસુંદરી-કુમુદની મા.

સુંદર-કુમુદની કાકી.

કુસુમ-કુમુદની નાની બેન.

પદ્માવતી-સુવર્ણપુરીની એક વેશ્યા.

વાણીયાણી-વાણીઆ વેપારીની સ્ત્રી.

સાહેલીઓ, કંચનીઓ, જોગણો વિગેરે.

સ્થળ-સુવર્ણપુર, રત્નપુર અને સુંદરગિરિ.



ૐ શ્રી હરિ.

સરસ્વતીચંદ્ર નાટકનો ટૂંકસાર.

ભૂમિકા.

સદ્‌ગત સાક્ષર ગોવર્ધનરામની નવલકથા ગુજરાતથી એટલી જાણીતી છે કે તે ઉપરથી ઉપજાવી કાઢેલા નાટકને પૂર્વ વૃતાંત લખવાની આવશ્યકતા જણાતી નથી. પરંતુ આ ભૂમિકા આપણને જે ભૂમિ બતાવે છે તે એજ છે કે આ નાટક નવલકથાનો કેટલો ભાગ મુકી દઇ કયાંથી શરૂ થાય છે તે આપણે માત્ર થોડા શબ્દોથીજ જાણી શકીશું કેઃ- મુંબઇના શ્રીમંત ગૃહસ્થ લક્ષ્મીનંદનનો પુત્ર સરસ્વતીચંદ્ર પોતાની વિમાના ગુમાનના ભરમાવ્યાથી પિતાએ આપેલા ઠપકા માટે ઘર છોડી નીકળી પડયો છે. તેની ઇચ્છા મુંબઇથી નિકળી રત્નપુર કે જેના પ્રધાન વિદ્યાચતુરની પુત્રી સાથે પોતાનુ વેવિશાળ થયું હતું ત્યાં જવાની હતી, પરંતુ ભાગ્ય સંયોગે તેને ત્યાં જવામાં કેટલાંક વિઘ્નો ઉભાં કર્યાં અને તે રત્નપુર જાય તે પહેલાં તો તેના ઘર છોડી જવાના સમાચાર સાંભળી વિદ્યાચતુરે ઉપવર થએલી પોતાની પુત્રી કુમુદ સુન્દરીનાં સુવર્ણપુરીના અમાત્ય બુદ્ધિધનના પુત્ર પ્રમાદધન જોડે કરી આપ્યાં હતાં. રત્નપુર જતાંજ સરસ્વતી ચંદ્રને તે ખબર મલી એટલે કોઇને પણ ન મળતાં તે ત્યાંથી નિકળી પડયો અને એક દિવસે જેને હૃદયની પ્રતિમા કરી પૂજી છે. તેના આખરી દર્શન કરવા સુવર્ણપુર ગયો ત્યાર પછી આપણા નાટકનો આરંભ થાય છે.

પ્રારંભ. પ્રાર્થના.

પ્રવેશ પહેલો.—આજે શીવરાત્રી છે, કલ્યાણકારી સદાશીવના જન્મ મહોત્સવ સાથે નાટકનો પ્રારંભ થાય છે, સરસ્વતીચંદ્ર સુવર્ણપુર આવેલો છે અને બુદ્ધિધને બંધાવેલ શીવાલયમાં દર્શન કરે છે ત્યાં બુદ્ધિધનનું કુટુંમ્બ–પુત્રી અલકકિશોરી, પૂત્રવધુ કુમુદ સુન્દરી વિગેરે શીવ દર્શન કરવા આવે છે, સરખી સહેલીઓનો સુન્દર આનન્દ, એટલામાં દુષ્ટ કારભારી શઠરાયની પુત્રી ખલકનંદા અને તેના પુત્ર દુષ્ટરાયની સ્ત્રી રૂપાળી શીવદર્શને આવે છે. બિચારી દુનિયાને ન જાણનારી અને માત્ર લાડમાંજ ઉછરેલી અલક તે નણંદ ભોજાઇને ક્રોધ મોં મરડે છે. વૈરાંઓના વેરનો અગ્નિ. આખરે સરસ્વતીચન્દ્ર અને કુમુદની મળીઃ–દૃષ્ટોદૃષ્ટ.

પ્રવેશ બીજો—સુવર્ણપૂરનો દુષ્ટ કારભારી શઠરાય તથા તેનો પાપી વિષયાંધ પુત્ર ફોજદાર દુષ્ટરાય પ્રજા ઉપર કેવો જુલ્મ વરસાવી પોતાના ઘર ભરે છે તે ચિત્ર અહીંથી શરૂ થાય છે તે નીચ શેઠના નીચ નોકરો મેરૂલો અને માવો એક વાણીઆ વેપારીને પકડી તેની પાસે જોર જુલમથી દશ હજારની ચીઠી લખાવી લેય છે, ત્યાં સુવર્ણપૂરનો રાણો ભૂપંસિહ આવી પહોંચતાં તે જમદૂતો ભાગી જાય છે, વાણીઆની ફરીઆદ, રાણા તથા બુદ્ધિધનનું તેને આશ્વાસન, પાછળથી બુદ્ધિધન નવીન નામ ધારી સરસ્વતીચન્દ્રને પોતાના અતિથિ-તરીકે ઘેર તેડી જાય છે, સરસ્વતીચંદ્ર પ્રેમ સમસ્યામાં.

પ્રવેશ ત્રીજો—રાજ કારભારીઓની રાજખટપટ, જે બુદ્ધિમાન તેનો વિજય. શઠરાય અને દુષ્ટરાયનો બુદ્ધિધનને પાયમાલ કરવાનો પ્રપંચ, અંદરથી બુદ્ધિધનનો પણ ઉપરથી શઠરાયનો વિશ્વાસુ બની રહેલ

નરભેરામ બુદ્ધિધનને પાયમાલ કરનારા બનાવટી કાગળો લખે છે અને પછી બુદ્ધિધનને ખબર આપવા જાય છે.

પ્રવેશ ચોથો—સુધારાના ઉપરનાજ ડોળમાં ભરમાઈ રહેલા સંસાર જ્ઞાન વિહીન પ્રમાદ ધનનો પ્રથમ પ્રવેશ, તેની નરભેરામ સાથેની કેટલીક વાતચીત, ત્યાં સરસ્વતીચંદ્રને લઈ બુદ્ધિધન આવે છે. પ્રમાદ અને સરસ્વતીચંદ્ર ગયા પછી નરભેરામ અને બુદ્ધિધનની વાતચીત નરભેરામ લખેલા કાગળોની નકકલ બુદ્ધિધનને આપે છે કે જે પહેલાથી રાણાને બતાવી તરકટી કારભારીનું તરકટ ખુલ્લું કરી શકાય

પ્રવેશ પાંચમો—નીચ માણસનો નીચ બદલો. ખલક નંદા અને રૂપાળીએ પોતાને જોઈ અલકે મોં મરડયું હતું તેનો બદલો લેવા પોતાના નોકર જમાલને મોકલ્યો છે તે અલકના શયન ગ્રહમાં બારીવાટે દાખલ થાય છે. સરસ્વતીચંદ્ર બારી કુદાવી અલકનો બચાવ કરતાં ઘાયલ થાય છે, એ બન્નેની ઝપાઝપીના વખતમાં અલક બારણું ઉઘાડી નાંખે છે. માણસો જમાલને કેદ કરી લેય છે.

પ્રવેશ છઠ્ઠો—દુષ્ટરાય અને રૂપાળી પ્રેમ વગરનાં હવસીઓના ઉપર ઉપરના શાબ્દિક પ્રેમનો પ્રસંગ.

પ્રવેશ સાતમો—કારભારીનો જુલ્મ અને પોતાના રાજ્યમાં થતો અન્યાય નજરો નજર જોવા રાણો ભૂપસિંહ વાણીઆને ફરિયાદી કરી પરદેશીના ડ્રેસમાં કારભારી પાસે આવી ન્યાય માગે છે. ઉલટો ચોર કોટવાલને દંડે એવો ઇન્સાફ, ફોજદાર તે વાણીઆની ઓીને પકડી મંગાવે છે. વાણીઆનો શાપ દુષ્ટરાય વાણીઆણી ઉપર જુલમ કરવા જાય છે રાણો તેને બચાવી છૂપા વેશમાંજ ચાલ્યો જાય છે.

પ્રવેશ આઠમો—હલકાઓની હલકાઇનું ચિત્ર, મોટાઓના ઘરનો ફૂંકીફૂંકી કરડનારો ઝેરી ઉંદર મેરૂલો આપ વડાઇમાં મોટાના ઘરમાં અગાડો કેમ થાય છે તેનું નરભેરામ પાસે વર્ણન કરે છે. પાપીઓનો નાશ કરવા માટે નરભેરામ તેને વધારે ચઢાવી પોતાની મતલબની વાત કઢાવી લેય છે.

પ્રવેશ નવમો—કોઇ પણ ચોખ્ખી વસ્તુમાં જે કંઈ પડે છે તે એકાકાર થઇ જાય છે. શુદ્ધ હૃદય જે પણ વસ્તુ ધારણ કરે છે તેમય બની જાય છે. ઉપકારના ભારથી દબાએલી અલક અતિથી સરસ્વતીચંદ્રની શુશ્રુશા કરતાં મોહમાં પડે છે પણ સતીઆંઓનું સત પ્રભૂ રાખે છે.

અંક બીજો

પ્રવેશ પહેલો—અંતે ધર્મનો જય અને પાપનો ક્ષય. શઠરાય અને દુસ્ટરાયનો પાપનો ઘડો ફૂટે છે. દુષ્ટરાય ઘેર છટકી જવા પામે છે. પણ શઠરાય પદભ્ષ્ટ થઇ દેશ નિકાલ થાય છે.

પ્રવેશ બીજો—આપણામાં કહેવત છે કે બીલાડીને ખીરપચે નહી, પ્રધાનવટું બદલાતાં બુદ્ધિધનના પુત્ર પ્રમાદને પણ ત્રણસો રૂપિયાની જગ્યા મળી છે, અમલદારીના અમલનો નીશો.

પ્રવેશ ત્રીજો—જેના બાઇ બગડેલાં તેના બાઇ સાત બગડેલાં, રૂપાળી તથા ખલકનંદાની મેરૂલા સાથેની દુષ્ટલીલા, વાણીઆનો શાપ ફળ્યો, દુષ્ટરાયનું પોતાના ઘરનું પોગળ નજરો નજર જોવું, મેરૂલા

તથા રૂપાળીનું ખૂન, ખલકનંદા છટકી જાય છે. રાજનાં માણુસો પકડવા આવતાં દુષ્ટરાય ભાગી છૂટે છે.

પ્રવેશ ચોથો—સ્વર્ગ અને નરક બન્ને દુનિયામાંજ છે. કીધેલાં કર્મનો બદલો. ખલકનંદાને માણુસો મારે છે, તેના હાથમાંથી કુમુદ તેને બચાવી પોતાની પાસે રાખે છે.

પ્રવેશ પાંચમો:-અહીં વધારે રહેવું યોગ્ય નથી એમ ધારી સરસ્વતીચંદ્ર વિદાય થાય છે કુમુદ તેને મુંબઇ જવા અથવા પોતાના પિતા પાસે રત્નપુર જવા કહે છે. કુમુદને મુર્છિત અવસ્થામાં છોડી ચંદ્ર જાય છે. મુર્છામાંથી જાગૃત થતાં કુમુદ તેના અવિવાહીત અવસ્થાના પ્રેમપત્રો બાળી મૂકે છે. કે જેના કટકાઓ પવનથી ઉડી ત્યાં પડે છે. કુસંગથી વેશ્યાગામી થએલો પ્રમાદ પદ્મા નામની વેશ્યા સાથે દાખલ થાય છે. તેજ જગ્યાયેથી મળેલા બે કાગળના કટકા ઉપરથી પદ્મા, પ્રમાદને ઉશ્કેરે છે. કુમુદને ફિટકાર અને ત્યાગ.

પ્રવેશ છઠ્ઠો:-કારભારૂં જવાથી ભૂપસિંહ અને બુદ્ધિધન ઉપર ક્રોધે ભરાએલા શઠરાય અને દુષ્ટરાય બારવટું ખેડે છે.

પ્રવેશ સાતમો—દુષ્ટરાય અને શઠરાય તે સુવર્ણપુરની વણઝાર લૂટે છે. ચંદ્ર કે જે તે ગાડાંની સાથેજ છે તે વચમાં પડતાં ઘાયલ થાય છે, પાછળથી બાવાઓ ચંદ્રને શુદ્ધિમાં લાવી પોતાની સાથે લઈ જાય છે.

અંક ત્રીજો

પ્રવેશ પહેલો:-વિદ્યાવાડીનું ખિલતું કુસુમ, કુમુદસુન્દરીની નાની બેન કુસુમસુન્દરી માબાપનાં લાડની પુતળી પહેલ વહેલી પોતે જોઇ આવેલ અંગ્રેજી નાચ પોતાની બેનપણીને શીખવતી અહીં દેખાય છે. બેનનું દુઃખ જોવાથી પોતે કુંવારી રહેવાનો હઠ લીધો છે, તે બાબતનો સહીપણીઓ તથા પાછળથી સરસ્વતીચંદ્રને ગોતવા નીકળેલ તેનો મિત્ર ચંદ્રકાત કે જે તેને ત્યાં મહેમાન છે તેની સાથે સંવાદ. એટલામાં એક ચાકરડી આવી કુમુદના મૈયર આવવા માટે સુવર્ણ પૂરથી નીકળ્યાના તથા રસ્તામાં બારવટીઆનો ભય હોવાના સમાચાર આપવા. ચંદ્રકાંત વારે જાય છે. કુસુમનો આશીશ.

પ્રવેશ બીજો-બહારવટીઆ બાપ-દીકરાનો છેલ્લો પ્રયત્ન કરવાનો ઠરાવ કાંતો મરવું કાંતો કુમુદને કેદ કરી દુશ્મન ઉપર બદલો લેવો.

પ્રવેશ ત્રીજો;—બારવટીઆએ કુમુદનો રથ ઘેરે છે સતસંગથી સુધરેલ્રી ખલકનંદા કુમુદને બદલે પોતે દુષ્ટરાયને મારી શઠરાયને હાથે મરે છે ચંદ્રકાંતની ગોળીથી શઠરાય પ્રાણ મૂકે છે ગભરાએલી કુમુદ નદીમાં પડી છે, જે બીજે કાંઠે એક યોગિનીના હાથમાં દેખાય છે.

પ્રવેશ ચોથો.—કુમુદ ઘર છોડી જવાનું ખરૂં કારણ બુદ્ધિધન પાસે બાહર આવે છે. બુદ્ધિધન પ્રમાદને તેની ભૂલ બતાવી ઠપકો આપે છે. પ્રમાદનો પશ્ચાતાપ અને આપઘાત.

૩૯-૦૩

પ્રવેશ પાંચમો.—કુમારાં રહેવાની અભિલાષી કુસુમ પોતે મહીને બે રૂપીઆમાં પૂરૂં કરી શકે કે નહીં તેનો અભ્યાસ કરે છે. તેની કાકી સુન્દર આવી ઠપકો આપે છે પાછળથી ચંદ્રકાંત આવે છે એટલામાં એક યોગી આવી સમશ્યાની શાખી બોલે છે. ચંદ્રકાંત તે ઉપરથી સરસ્વતીચંદ્ર સુન્દરગીરી ઉપર છે તેમ વરતી જાય છે દરેક તેને મળવા જાય છે. કુસુમ તેજ સાખીમાંથી કુમુદ પણ ત્યાં છે એમ વરતે છે.

પ્રવેશ છઠઠો.—જૂદે જૂદે રસ્તે પણ એકજ ઠેકાણે પાછાં મળેલાં અંતરનાં પ્રેમી, તેઓનું હૃદયગાન, ચંદ્ર, કુમુદને તેના પતિના મરણ સમાચાર આપે છે, કુમુદનો વૈધવ્ય સંસ્કાર. વાસનાનું ભસ્મીભૂત થવું,

પ્રવેશ સાતમો.—ચન્દ્રકાંત અને સરસ્વતીચંદ્રનું મળવું, ચંદ્રકાંત સરસ્વતીચંદ્ર પાસે વચન લઈ તેને કુસુમ જોડે પરણવા કહે છે, બે બહેનોનું મળવું, કુમુદ, કુસુમનું વચન લઈ તેને ચંદ્ર જોડે પરણવા કહે છે, કુંવારી કન્યા થવા કબુલ થાય છે.

પ્રવેશ આઠમો—આજે મણીરાયની છાવણીમાં પોતાના પ્રધાન વિદ્યાચતુરની દીકરી કુસુમના લગ્નની ખુશાલી મુંબઈથી લક્ષ્મીનંદન શેઠ અને સુવર્ણપુરથી અમાત્ય બુદ્ધિધન આવ્યા છે, આ મહેમાનોની સમક્ષ કુમુદને હાથે કુસુમ અને ચંદ્રનો હસ્ત મેળાપ છેવટ પતંગીયાના નાચ સાથે ખેલની સમાપ્તિ, આનંદ આનંદ.



તમારે તમારાં

ઘરને સુશોભિત અને મજબુત કામથી
શોભાવવું હોય તો કયાં જશો ?

અબ્દુલઅલી અબદુલહુશેન પીતલવાળાઓને ત્યાં.

ઘરનો, ફરનીચરનો, વીગેરે બીલ્ડીંગને
લગતો,
ઇન્જીસ આલડ્રાફ, બોલ, વિગેરે
પીતલના હરેક જાતનો સામાન તૈયાર તથા ઓર્ડરથી
પૂરો પાડવામાં આવશે.

હાથ કંગનને આરસીની જરૂર નથી.

એકવાર ઓર્ડર આપી ખાત્રી કરો.

ઠ૦ ૩૮૯—૯૧ ભીંડીબજાર, પરેલરોડ
મુંબઈ.

ૐ શ્રી હરિ.

સરસ્વતીચંદ્ર નાટકના ગાયનો.

પ્રારંભ. પ્રાર્થના.

શિવ શિવ પરમદયાલ પાહિ પાહિ,
શાંત. દાન્ત, ત્રાતા, શરણ પદ સેવા.
પરમ સુખદાઇ.
પાલક પિતુ માત છો બાલ હિત ચાહી.--
વરદાયક વર દ્યો જય વરવા,
શ્રીવર એ અભિલાષ;
વર પામી પંગુ ધરે
ચડવા ગિરિવર આશ
દિન શિશુની સ્તુતિ, ધરીને પ્રભૂ શ્રાત,
સુખશાંતિ, વિશ્રાંતિ, અરપો શ્રી વરદાઇ,—

સરસ્વતીચન્દ્ર— ૧

ઓહો કરમગતિ, પલટી મતિ મારી
તજી નગર ઘર, દૂર સ્વજનથી
ઉર રહી ફિકર ભારી, તજી સુકુમારી—
ચંદ્ર કુમુદ તજી ડૂબે ક્ષીતીતલ
રજની કરી અંધિયારી દીન દુઃખીયારી—

કુમુદ તથા સાહેલીઓ— ૨

હળીમળી સહૂ આલીરે પ્રીતે રીતે યજન ઉમાવરનું કરીએ.
મૃગમદ ચંદન અગર સુંગધિત ઉત્તમ વિધિને આદરિયે,
વ્હાલ ધરીને વામાઓ વ્રત ધરે,
શંકર તે સતીને સુખ અરપે. આ..........
સ્ત્રીનો સૌભાગ્ય હાર, સ્વામી શૃંગાર છે,
એ સુખ અખંડ સદાશિવથી મળનાર છે;
એવું જાણી શાણી સ્નેહે સ્મરીએ આ..........
ભવભવ કારણ, ભવજલ તારણ,
સદાય ચરણ શરણે ચિત ધરીએ;
શિવ ભક્તિવર, વર સુખ દાયક,
વ્હાલે વર વાંછિત વરીએ આ..........

કુમદ તથા સાહેલીઓ— ૩

સજી અંગ ફૂલોના સોળ શણગાર
પ્રિય પ્રતિ રતિવતી કર અભિસાર,
આ વસંત સાર, અનંગ બહાર, આવાર.
અલિગણ ગુંજન, સુખદ પ્રભંજન,
પ્રિયજન રંજન, સુમન સુવાસ;
કરિશ વિલમ્બ ન, પ્રિયપતિ સંગમ,
રસ આલમ્બન વિવિધ વિલાસ
ધરી અભિલાષ, ચાલ ચાલ સખી;
હાવભાવ ધરી લઇ લે જીવન લ્હાવ
મન મુઝાવ નહીં સખી આમ,
ખસો હસો સતાવો નકામ;
હાં હાં અલી નવ બન વિકળ લગાર.

કુમદ તથા સાહેલીઓ— ૪

ગરબો

હે...ચન્દ્ર ધીમારે પ્રકાશો ગગન મંડળેરે.
હે...અમીરસ સીંચી સ્નેહ નજરથી લગાર
વ્હાલી કુમુદને વિકસાવવારે
શિતલ વિમલ કિરણુના કર સ્પર્શથીરે
દૂર છતાં પણુ દિવ્ય સ્વરુપનાં દર્શથીરે
ખિલાવો કુમુદ જરીરે, રસીલીમાં રસભરોરે, વ્હાલ વધારવારે—
જલમાં વસતી કુમુદિની, ચન્દ્રમા વસે આકાશ;
જે જેના હૃદયે વસે, તે રહે છે તેની પાસ,
રખે ચન્દ્ર ડૂબાઓ સજલ વાદળેરે,
પ્રેમી કુમુદને ડુબાવી વિરહાશ્રુ જળેરે;
પડી પધિની, સ્નેહ સરોવરેરે,
પ્રેમ મંત્રથી આરાધે ચંદ્ર અંતરેરે.
મુગ્ધ પ્રીતિવશ કુમુદિની, તમ દર્શનમાં છે આશ;
રખેત્યજી કરતા પ્રભૂ. દૂર દ્વિપાંતરે નિવાસ.
જોજે પ્રલય કાળના તોફાનમાં
કરતો ઉંડા ધરણી તલમાં વાસરે,
કરવી પ્રફુલ્લ ત્યજી કુમુદને.
શીતલ અમૃત બિંદુઓ વરસાવીને,
કોમળ કલીપર આણી અંતર વ્હાલરે;
કરજે પ્રફુલ્લ પ્રિય કુમુદને.

સરસ્વતીચંદ્ર-- ૫

ભાગ્ય રતી પલટતાં દુનિયા પલટતી,
ઉલટું સુચવતી રતિ આ કરમની.—
પિતાપણ હિરણ્યકસ્યપ થાયે,
માતા થાએ પુત્ર સંહરણી.
અમૃતવેલી ઝેર ઝરણી—
શાહ હોય તે ચોર બને
'ને ગૌર આચરે કૃષ્ણકરણી
અકૃપા થાય જ્યાં વિશ્વંભરની—

નરભેરામ— ૬

છળ બળ કળ કરી અજબ જમાવું રંગ.
શઠ નટખટની ખટપટ સઘળી કરીશ પલકમાં ભંગ.
સજ્જન જનને વ્યર્થ પ્રયોજન પીડે નીચ કમજાત,
ગર્વ તેમનો સહજ હું તોડું,
અવસર મળતાં અવશ્ય ન છોડું;
દુર્જન એ, મચ્છરની, નીચ કરણી, નફ્ટ ઘણી,
ઝેરી એ વિકાળ સાંપ;
પાપની પ્રતિમા છે સાક્ષાત.

(કોરસ)

સાહ્ય પ્રભૂ તણી, સત્યને છે ઘણી, અરજ ગરીબની;
પ્રભૂ કૃપાલ, દીન દયાલ, હ્રદય ધાર, હે જગત ધણી.

જમાલ-અલક— ૭

પ્રાન પ્યારી હમારી, દિલદારીપે દિલકો મનાલે હાં,
મ્હેરબાની, કરજાની, સેહલાનીસે નેનાં મિલાલે હાં.

દૂર ઓ પ્યારી કહેનારા ઠગારા,
પૂરી ખુવારી લે ધારી ધૂતારા;
તજી અવિચારી તારી દુરાચારી. જા–જા–જા.
માન ગોરી, દિલભર કિસોરી, ગલે લગાજાની મોરી,
જારે વ્યભિચારી, છોડ લવારી, છે પરનારી;
ઝેરી કટારી, નફ્ટ જઇશ જીવન હારી જા–જા–જા.

રૂપાળી દુષ્ટરાય— ૮

પ્રાણુ પ્યારા સરદાર યૌવનવાટિકા વિહારી પતિ;
જાણું વ્હાલા મહાભાગી હું બાળા સુંદર.
પામી તમ જેવા વર્ણાંગી ભ્રમર;
પિયુ મળી પ્યારી જુવાની,
પ્રતિરસ પાઈ પીવાની;
બની જોડ પ્રેમી પ્રિયાની,
સારસ સમાન સહાની;
વાહ પ્યારી, રસઝારી, બલિહારી, છે ત્હારી;
તન મન ધન વારૂ તૂંપર.

રૂપાળી દુષ્ટરાય— ૯

સિધાવો શાણુા સગુણુા મારા સુંદર સરદાર,
રસિક છોજી રસીલીતણુા હૃદય જીવન હાર,
પ્રીતમ પ્રાણુ પ્રીતિ નવાણુ, આ રસવેલીના ઉદયભાણુ,
પ્રિય સુજાણુ, રતિ પ્રમાણુ, મારનાં મારનાં નયન બાણુ.
અરરર સ્મરશરથી મારૂં હૃદય આ વિંધાય છે,
યૌવનરણે તરૂણુ અબલા તરૂણુ જીતી જાય છે;

હારી હારી હામ પ્રેમદા પાસે પુરૂષ હારી જાય છે;
પરવશબની પ્રેમપિંજરમાં પ્રેમી પોપટ પુરાય છે,
ધ્યાનથી, જ્ઞાનથી, ચલિત થાય;
અબલ, સબલ સ્ત્રી ગણાય.

નરભેરામ ૧૦

પાપીનાં મોહડાં કાળાં, સતીઓની બોલબાલા;
થન થન કુટિલ મન શું કરે, તનમન કરી લે તું ભલે;
દોરી છે સહૂ તુજ, હાથમાં જગનાથના,
શું કરે ભલા વૃથા બડાઈ પ્રભૂ કરતા; જગધરતા, સંહરતા,
અદદલ ઇન્સાફ તેના હાથમાં નાદાન કર ગુમાનના,
પાપીની ધારણા થાય અંતે ધૂળધાણી
તજ શઠતા, દુર્જનતા મન ક્રુરતા, નિષ્ઠુરતા.

કુમુદ— ૧૧

પ્રીતિ કરી શું તરછોડી પરદેશી.
હાં છોડી પરદેશી હાં છોડી પડદે,
ડંશ દઇ અહો ભ્રમર કુમુદને,
કયાં જઇ બેઠો વિછોડી પરદેશી.
હાં છોડી પરદેશી હાં છોડી પડદે,
પૂરી પંખિણી પ્રેમ પિંજરમાં;
આખર પાંખ મરોડી પરદેશી,
હાં રોળી પરદેશી હાં રોળી પડદે.
ત્યાગી કુમુદ વન ભટકી ઓભ્રમરા,
આવ્યો અહીં શું ફરી દોડી પરદેશી;
હાં દોડી પરદેશી હાં દોડી પડદે.
ઉડીજા, ઉડીજા, પંખી મુસાફર,
રેન રહી છે હવે થોડી પરદેશી;
હાં થોડી પરદેશી હાં થોડી પડદે.

અલક કીશોરી— ૧૨

શિતલ ચન્દ્ર જેવું વદન કાન્તિમાન.
નયન મીચી લે તું શાન્તિથી વિરામ.
જાણે જઇ ભેટું એવા ઉમળકા આવે છે,
બોલું કંઇ બોલું ત્યાંતો શરમ દબાવે છે;
કાંઇ અંતર થાય, થાય થાય ના રહેવાય.
થરથર થર કંપે કાયા સ્વર થરડાએ છે;
ચાલું ત્યાં ચરણો અન્યોઅન્ય અથડાએ છે;
લાગી હાં સ્મર લ્હાય લ્હાય લ્હાય અસહાય.
જાગોજી જાગો વ્હાલા નિદ્રા વિસારી ધો,
રાગી થઇ ત્યાગી વ્હાલા ત્યાગી સમાધી ધો.
લળી લળી લાગું હું પાય–પાય પાય ઢોળું વાય,

કુમુદ— ૧૩

પ્રભૂનાં ચરણથી ગંગા અવતરીરે,
એતો ઢળી ગઇ શંકરનાં શીરમાંજ,
એ ગંગારે—શુદ્ધ રંગા રે,
રે ઢળી ધરણીધૂળમાં ભ્રષ્ટ થઇ ગઈ ત્યાંજ,
ગંગા સરીખાં નિર્મલ મનમાંરે.
ઓ હું વારીરાજ, ભરશો ન કાદવસાજ;
ઓ ચંદારે—મતિ મંદા રે,
આ અણુઘટતા મારગ ચતુર ન જાશો રાજ;

ડ્રોપ ૧ લો.

અંક બીજો

કલાવતી— ૧૪

મને પ્યારી લાગે હાં છબી સુંદર મોહનવરની,
મોર મુકુટ પિતાંબર સોહે ગલે વૈજયંતી માલા;
વૃંદા વનમાં રાસ રમે હરિ રાધા રમણ રૂપાળા.
રસિયા રસ તરસ્યા રસિલીના રસિક અધર ચુમંતા;
પીન પયોધર મર્દન કરી હરી ભાવથી ભૂજ ભરંતા.

પ્રમાદ— ૧૫

આનંદ આનંદ આજ દીવાળી,
સૂર્ય ઉગ્યો છે મંગળમાં,
અતિ ઉમંગે રંગે સંગે,
હરૂં ફરૂં સ્નેહી મંડળમાં,
શઠ હઠ ખટપટ કરી કરી થાક્યો,
હાર્યો અંતે છળબળમાં;
પદવી દીવાનની પિતુ પામ્યા,
અધિકાર ઉપર ફક્કડ જામ્યા;
કરશે સલામ સરવે સામા.
અમને ઝૂકી ઝૂકી આહાહા.

રૂપાળી ખલકનંદા }
મેરૂલ— } ૧૬

મન મોહ્યું આ મૂરતી રૂપાળીએ
હાંરે ચિત ચોર્યું આ છબી નિરાળીએ
પ્યારી પ્યારી રૂપાળી ન્યાળી ન્યાળી જોઉં

મને મોહનાં બાણુ ન મારીએ
હાંરે નાજુક બદન સુંદર ચંદર વદન
કે કનૈયો કુંવર અલબેલો મદન
મારી દિલહર દિલદાર તું રૂપાળી ઘણીરે
અરે વારેવા, અરે વારેવા;
અરે વારેવા, અરે વારેવા:
મને તું વ્હાલી ઘણીરે—

રૂપાળી ખલકનંદા મેરૂલાં— ૧૭

આજે રંગ લહેરી સંગમાં ઉડાવીએ,
પ્રેમઝૂલે પ્રેમીને ઝૂલાવીએ પ્રીતરીતે હ્રદયને રીઝાવીએ,
છેલછબીલાથી સ્નેહી રંગીલાથી સ્નેહ ઉભરાવીએ,
વાહવા ખીલી મજાની મનમાની જુવાનીની બહાર,
બહાર એળે ન એ ગુમાવીએ,
અરે વાહ મોજ ઉડાવો,
હવે બસના વખત વિતાવો—
લીલા રચાવો રસિકાઓ આવો હાં.
રમી પ્રીતિ રંગમાં રંગાઓ,
કાન રાધાની રંગત જમાવીએ, પ્યારાને પ્રીતે,
રૂડો કાનુડો બનાવીએ,
ઘડી રીસાવીએ, વળી મનાવીએ, (૨)
વાહવા રાધા રૂપાળી ભાવે કુંજવાળી, ક્રીડાને અહીં ભજાવીએ;
ચંદ્રભાગા રૂપાળી ભાવે કુંજવાળી, ક્રીડાને અહીં ભજાવીએ—

કુમુદ— ૧૮

સુખમાં નવ હુંપદ આણીએ,
દુઃખીયાંનાં દુઃખ કંઇ જાણીએ;
દુ:ખીયાં ને સુખીયાં પ્રાણીએ,
પ્રભૂનાં સહૂ બાળક માનીએ.
અપકાર ઉપર ઉપકાર કરે તે માનવી દેવ પ્રમાણીએ.
કર્મ બીજાનાં જોઈ,
ધર્મ પોતાતો ખોઇ,
આશ્રિત નવ હણીએ;
પશુઓ પણ પરઉપકાર કરતાં,
પરમારથ કારણ દેહ ધરતાં;
નિયમ અચળ ગણીએ.

કુમુદ સુંદરી— ૧૯

કોને કહું હું જઇ અંતરની વેદના આ,
ખોલી બતાવું દુઃખી અંતરના ભેદ ના ના.
દુનિયા જાણે સુખી છું, સુખના પડદે દુઃખી છું.
હસતાં સાથે હસું છું, હૃદયે રોઇ રોઇ મરૂં છું.
અમૃત પકવાન મ્હારૂં પીરસ્યું વિધિએ ટાળ્યું,
અણધાર્યું આગળ મારે કર્મ સંયોગે આવ્યું.
મનનાં બળ્યાં રહીએ મનમાંહીરે કહો જઇએ કયાં?

કુમુદ— ૨૦

ચન્દ્ર વિરહાગ્નિ વરસાવી—
કરી મુગ્ધ કુમુદ આ બાળા બિચારી હો
દુ:સહ દવમાં જીવતી બાળી

અમિબિંદુની આશાભરી રાખી ચકોરી તલસતી,
આ રાત્રી પ્રિયતમ ચંદ્ર વિરહે કાલરાત્રી દર્શતી;
હે ચન્દ્ર આવો યોગ રચતાં કોઇ ન રોકે આપને,
વિશ્વાસુ જનનો ઘાત કરતાં પામીએ બહૂ પાપને.
એ વાત હૃદયમાં ઉતારી વિચારી
ગરીબ ગવરી જીવથી મારી—

પદ્મા તથા પ્રમાદ— ૨૧

રસીલી મતવાલી આંખડી ભરી લાલી,
રેલાલા રંગીલા રંગભીના કે રજની કયાં જઇ ગાળી.
રસિક રમણી મન નવ તું અધિર થા,
જાઓ જાઓ ઠાલામાલા શાના કરો કાલાવાલા?
શયન ભવન મેં શૃંગાર સાજથી સજાવી,
જાઇ જુઇ ડોલર ગુલાબ પુષ્પે સેજ બિછાવી;
વ્હાલા તમારી જોતાં વાટ રાત એમ વિતાવી,
અમને રાખી અહીં અંતરીયાળ કઇ રામા રિઝાવી.
સેવક હાજર તુજ સેવામાં મનસરવરની તું પદ્મા.

પ્રમાદધન— ૨૨

ધિક કમજાત
નફ્ટ, નિર્લજ, લંપટ કુટિલ, નીચ સ્ત્રી અધમજાત—
મુખ ત્હારૂં,
કર કાળું;
નગણી નિર્દય વિષથી વિષલતા.—
પરપતિપર પ્યાર પત્ર લખનાર
ધિક નીચ પ્રિયા નફ્ટ જા, કરે શું લવારી?
આપીશ તને પૂરી કર્મની સજા—

વીષ્ણુદાસ તથા તેના શિષ્યો—૨૩

અયસે પાપીનર હોવેંગે કલજૂગમે.
પગડી બાંધે પેંચ સંવારે હુમક હુમક પાંઉ દેંગે.
ગલીઓં કે બીચ ફિરે બાવરે—
નાર પરાઇ પાપી તકત ફિરેંગે—
ભૂખે પ્યાસે સાધૂ આવે, ચપટી ચુન ન દેંગે.
સાલા સસુરા રોજ જમાવે.
બાઇઓંસે પાપી રાડ લડેંગે—
માત બહનકો કછૂ ન માને મનમેં ન પાપ ધરેંગે.
જબ રાજાકો દંડ પડેગો.
રોક રૂપયા પાપી ગનગીન દેગે—
લાલ સ્થંભ લોહેકો ધખાઇ ઉસ્કે સાથ બંધેંગે.
તુલસીદાસ ભજો ભગવાના.
પાપ પૂન્ય દોનો સંગ ચલેંગે.—

સરસ્વતીચંદ્ર ૨૪

અલખ લેહ લાગીરે જગતની માયા હવે ત્યાગી.
જનમી જીવ જંજાળે જીવન વ્યર્થ ગયું,
માનવ તન આ ધરી ન સુકૃત કાંઈ થયું;
હાય ઓય હરઘડી કરી જીવ બની સ્વાર્થમાં અંધ;
માયા મોહ નિશા અંધારે સુઝયો ન સારો પંથ.
શું ધન ધરણી ધામ યુવા રૂપ રંગથી,
વસ્તી વાડી બાગ બંગલા પ્રસંગથી;
વિજળીના ચમકાર સરીખો માયામય સસાર;
અલ્પ ઘડી આરામ માટે નહિ મન ફાંફાં માર.

ડ્રોપ ૨ જો

અંક ૩ જો

કુસુમ તથા સાહેલીઓ— ૨૫

પરણીને પરવશ થઇ રહેવુ, પિંજરમાં પુરાવું;
સુખમાં ફરતા સ્વતંત્ર જીવને બંધનમાં બંધાવું.
પરણીને પસ્તાવું, વળી પાછું રંડાવું,
રસભીના રંગ રસિયા સાથે રસમાં રસબસ થાવું;
અધર સુધારસ પ્રિતિ અમૃત પીવું ને વળી પાવું;
પરણી લ્હાણુ કમાવું સુખી સંસારે થાવું,
ભોગ તેટલા રોગ સમજવા વિષયવિષ નવ ખાવું,
ઝેર હળાહળ અમૃતમાની નવ પીવું નવ પાવું.—
અગર અરગજા કેસર ચંદન પુષ્પ સુગંધી પલંગે,
અનંગ સરીખા પ્રકટ દેવની કરી આરતી ઉમંગે.—
પતિદેવ પરમેશ્વર પોતે, સદા શીવ શંકર છે,
પતિવિના પ્રમદા શું કરશે અન્ય દેવ કંકરને.—
પતિદેવથી પરણી આખર પાપ કર્મ આચરવાં,
શુદ્ધ જીવના મલિન વાસથી મલીન અંગો કરવા.—
રચી ઇશ્વરે સૃષ્ટિએવી, પાપ ગણે તું શાની?
શીવ શાધુ યોગેશ્વર તોએ રાખે સંગ ભવાની.—
રહી ગારગી બાળ કુંવારી, સરસ્વતી પણ સાથે,
પ્રવીણે પણ પતિને પરણ્યાની પીડા ન લીધી માથે.—
સગાં સહોદર વસ્તી વાડી એ સંસારના લ્હાવા,
સ્નેહી સંબંધી છૈયાં છોરૂ લક્ષ્મી લાભ કમાવા.—
નહીં લ્હાવા એ લ્હાળા સમજુ, સ્નેહ નહીં સંતાપો,
રહું એકલી જોગી જેવી જપી અજંપા જાપો.—

દૃઢયોગી પણ ભોગી બનીયા માયામાં લપટાયા,
ચંચલમનના ચકડોળે ચઢી ભલાભલા ભરમાયા.—
સુન્દરવનની કુસુમ કલી તું, બનીહાર હૈયાનો,
રસિકતણે હૃદયે વળગી કર સફળ હેતુ જીવ્યાનો.—

કુસુમ–ચંદ્રકાન્ત— ૨૬

વિશ્વનાથ પ્રભૂ મંગળ કર્તા સંકટ સર્વ નિવારો,
દીન જનના, અંતરમાં, આશ્રય છે એક તમારો.
શાંત રહી તમે વખત વિતાવો, ચિંતા લગીર ન અંતર ધારો.
અરજ હૃદય ધારો,
આ કુસુમની અરજ હૃદય ધારો;
મનમાં ચિંતા અતિશય થાય—
મ્હારી એ અંતરની વ્હાલી સખી સુખી દેખીને અંતર હુલાસીએ
પ્યારાં આ નયનોની પ્યારી કૌમુદીએ કુમુદ જોઇ દિલ હાસીએ
એક બીજાનાં અંતર વિકાસીએ
પ્રભૂ કૃપાલ, દીન દયાલ, કરજો વાર—
અરજ શ્રીપતિ ઉર ધરીને કરજો જય જય કાર.—

કુમુદ–ખલક— ૨૭

મને દુઃખના દાવાનલમાં ધરી શાંતિ પામું હવે કયાં જઈ?
શાંતિ પામું હવે કયાં જઈ હાય ત્યાગી કલંક દઇ.
શીદ સરજાવી પ્રભૂ આવી અભાગી મુજને,
હારી જીવ્યાથી લે મને. મારીને—

શાને તું શાણી વિકળ થાય મન મુંઝાય (૨)
ધીર મન દુ:ખમાં ધરીએ સદાય,
સ્હાય છે પ્યારા, સરજન હારા, દુ:ખ હરનારા.

કુસુમ— ૨૮

હું પરણું કદી નહીં, પીડા ધરૂં નહીં, શીરે કદાપી સંસારની
રહું બાલકુમારી, સદા બ્રહ્મચારી, હું ભક્તિ કરૂં વિશ્વાધારની
પ્રીતિતણા પિંજર વિષે પરવશ થઇ પડવું નહીં,
સંબંધીઓના બંધની બેડીથી તન જડવુ નહીં;
આ નાટકી સંસારની દુગ્ધા મહીં મરવું નહીં,
અમૃત ગણીને વિષય વિષ પીવાનું મન કરવું નહીં.
જૂઠી માયા અંધેરમાં હું પડું નહીં રહી વાત હૃદય વિચારની—

વિષ્ણુપુરી— ૨૯

સુન્દરગિરિના શૃંગપર વસે કુમુદની શીકાન્ત;
જડજેવો પ્રવતો શશી સ્મરી રસનય શશી કાન્ત

કુસુમ—ચંદ્રકાન્ત—સુંદર— ૩૦

શ્રી હરિ પરમ મંગલકર, સકલ વિઘન હર
સુન્દર મોહન નટવર—નાગર
દીનજન અંતર આશ પૂરણકર
રીઝવા સુખકર આજ રમાવર—
ચન્દ્ર પ્રકટ થશે, કાન્તની ચિન્તા જશે
બોલી, બાલી, બ્હેની વ્હાલી

કુમુદાએ ત્યાં હશે.

દુઃખના દિવસ જઇ સુખના હવે આવશે,
વ્હાલાં વિયોગી સગાં સર્વ એકઠાં થશે·
આશાવેલી આજ નવલ પલ્લવને પામશે,
જગ સ્વામી, બહુનામી, દુઃખ સર્વ વામશે
કીરતાર તુજ કરૂણા અમપર—

કુમુદ તથા યોગીબાલાઓ —૩૧

માનિની મદનસદનસમ કંપિત સ્તન આ
શુકન ભલાં સૂચવે.
નાથ આલીંગન ઉત્સુક જે
રમી રસરંગથી રંગતરંગથી રમણુ રીઝાવીલે.
સ્મરશર સરખા સુંદર નખથી,
સરસ કમળસમ કરપલ્લવથી,
હસી હસી મળતાં, રતિરસ ઢળતાં;
વિલંબ કરે તું હવે શાને. ભરાઇ બહૂ માને.
શરમ રાખે તું સખી શાને, કહીનાં શીખ માને,

કુમુદ— **૩૨**

શાંત સમાધિ ધારી શું બેઠા, જાગો ઓ જોગી બાલા;
બ્હાર તમારે આવી ભિખારણુ ભોળી બિચારી બાળા.
ભ્રષ્ટ કલંકિત પ્રેમથી વંચિત સંચિત; પાપની શાળા;

વરથી વિખૂટી વચનની જૂઠી, ભાગ્યની ફૂટી બામા.
ત્યાગી ઘરજન વનમાંહી આવી રાત અંધારી ઘોરરે;
ભવજંગલમાં ભૂલી ભમું ત્યાં મળ્યા લુંટારા ચોરરે.
લૂટી શોભા .સુખ અને લૂટયા સહૂ શણગાર;
પછી પ્રજાળી પ્રેમદા ધગધગતે અંગાર.
અલગ થયા શું યોગી મ્હારા, અલગ અલખ જગાવો;
શરીર સળગતાં, શેશ વિભૂતિ અંગની અંગ લગાવો.

સરસ્વતીચંદ્ર— ૩૩

માયાની લાલચ માંહી મનભ્રમર રહ્યો લપટાઇ.
તૃષ્ણાના તારે તણાઇ આ હંસ ગયો લલચાઇ.
પ્રીતિના બંધન માંહી ગયોરે ફસાઈ.
મોહનાં તિક્ષણ તીરે ગયોરે વિંધાઇ.
ભ્રાંતિ ગ્નાને ભરમાઈ આખરે તે મુઓરે મુંઝાઇ.

કુમુદ— ૩૪

બળી જાઓ સહૂ શણગાર આ
ધિક પ્રાણ હત્યારા, દુઃખીયારા.—
સૌભાગ્યજીવન સ્વામી મ્હારા, તે પરલોક સિધાર્યા;
જીવન જડવત હાય નકામું, ભાગ્યના શા આ વારા—
ચિંતા દુઃખ નિરાશા કેરી ઝેરી ભડકતી જવાળા;
શ્વાસ ઉસાસે વિરહ ચિતાપર બળતી બિચારી બાળા—

કુમુદ-કુસુમ— ૩૫

થા પ્રિય કુસુમ હૃદયેશ્વરી
પતિની નેત્રમણી થઈ રહે મનહરી—
વરમાળા વૃત વિસરી—
બ્હેન વચન તમ હિતકર માની,
પતિ ચરણામ્બુજ સેવી;
સતિ સૌભાગ્યવતિ સુખદા,થા;
ગણી, પતિ, પ્રભૂ ગૃહ દેવી.
રહે સુખી સાગર સંગમ પામી.

ઘેલી ગંગા ગૌરી.

સમાપ્ત.

જો તમારે ઠગાવું ન હોય તો

થોડો નફો કરવાની ભૂલ ન કરશો.

સુરતમાં બનતો જરીનો દરેક જાતનો માલ હુમે થોડું કમીશન લઇ ઘેર બેઠે પુરો પાડીએ છીએ તેમજ જો કોઈ કહેતો આર્ડરથી પૂરો પાડીએ છીએ, અને સુરત મુકામે આવતા વેપારીઓને વેપારીઓને ઘેર લઇ જઇ પરભારો અપાવીએ છીએ હુમે તેમાની કોઇ ચીજનો વેપાર રાખ્યો નથી કે જેથી બીજાઓ માફક બીજાના સારા માલમાં પોતાનો ખરાબ માલ ઘુસાવવાની ઘરાકોને ધાસ્તી રહે. એકવાર કાગળ મારફતે ઓર્ડર આપી અથવા આવો, ખરીદી, પોતાની જૂની ખરીદી તથા ગામના ભાવ સાથે સરખાવો.

શા૦ હરગોવનદાસ રાયચંદ

છાપરીઆશેરી સુરત.

જે વખતે પાણીમાં બગડો થાય છે તે વખતે
પણ નિર્દોષ પીણું શું ગણાય છે ?

સોડા, લેમન, જીંજર, રાઝબરી,

પીકમીઅપ,

તેવુ ચોખું પીણું સુરતની પ્રજાને
પૂરૂં પાડવા માટે હમે સુરતના
ઘડીઆલની ટાવર સામે
હમારૂં સોડાનું
કારખાનું
કાઢ્યું છે

લગન જલસા, પાર્ટી વીગેરે માટે ઓર્ડર આપો અને
નિર્દોષ પીણાની મજા ચાખો. એક વખત અનુભવ
કર્યા પછી તમે તેજ પીણું લેશો એવી ખાત્રી છે

મહમ્મદભાઈ મૂસાભાઈ તારવાલા

ઝાંપાબજાર, ઘડીઆલની ટાવર સામે-સુરત,

તા૦ ક૦-હમે બીજા માફક હલકો માલ બનાવતા નથી પણ
ખાસ એરેટેડ વાટરથી ડબલ પાવરનો માલ બનાવીએ છીએ હમારે
નામે બીજાથી ઠગાતા નહીં